# ખાનદાની

એક નગરમાં રામદાસ નામે શેઠ રહેતા હતા. ખરા અર્થમાં તેઓ રામદાસ હતા. એમના ઘરે એક બેન રહેતી. નાની આઠ વર્ષની હતી ત્યારથી જ એ શેઠના ઘરનું બધું કામકાજ કરતી હતી. વફાદારી અને પ્રામાણિકતા માટે શેઠ એના પર અનહદ ખુશ હતા. ગમે ત્યારે શેઠ અને શેઠાણી આખું ઘર એને સોંપીને નીકળી જતા.

એક દિવસની વાત છે. રાબેતા મુજબ બાઈને ઘર સોંપીને બધા બહાર ફરવા ગયા હતા. કોઈ કારણથી એમને ધારણા કરતાં વહેલું આવવાનું થયું. ઘરમાં દાખલ થતાં જ શેઠે જોયું કે બાઈ કબાટ ખોલીને થોડીક રકમ (પૈસાની નોટો) કેડના છેડે ખોસતી હતી.

પોતાને શેઠ જોઈ ગયા છે. એવી જો બાઈને ખબર પડી જાય તો બેનને પકડાઈ ગયા બદલ ખૂબ આઘાત લાગે. આવું ન બને, માટે શેઠે જાણે એ તરફ જોયું જ નથી તેવો દેખાવ કર્યો અને ઘરમાં બીજે બારણેથી અંદર પ્રવેશ કર્યો. બાઈ તરત કામમાં પોરવાઈ ગઈ.



શેઠાણી ચૂપચાપ આ દૃશ્ય જોઈ રહ્યાં. શેઠનાં દરેક કાર્ય પર અતૂટ શ્રધ્ધા હોવાથી તેઓ પણ કંઈ ન બોલ્યાં. તે રાતે શેઠાણીએ શેઠને એમના આવા વર્તન પાછળનું રહસ્ય પૂછ્યું.

શેઠે ખૂબ પ્રેમથી જવાબ આપતા કહ્યું, ''જે બેન સમગ્ર જીવન અણિશુદ્ધ પ્રામાણિક રહી હોય તેને એક ભૂલમાં ઉઘાડી પાડવી એ તો મારી નરી ક્રૂરતા કહેવાય. એની આ એક ભૂલ ઉપર એનું આખું જીવન ધૂળ ભેગું ન જ કરી શકાય. હું એના ઘરે તપાસ કરીશ. નક્કી એ કોઈ આપત્તિમાં હોવી જોઈએ.''

શેઠનો જવાબ સાંભળી શેઠાણીનું મસ્તક આદરભાવથી ઝૂકી ગયું. આનું નામ ખાનદાની.

■